# ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી

## ગાંધીનગર

## એક્ઝિક્યુટીવ કાઉન્સિલની બેઠક

તા. ૦૮/૦૨/૨૦૨૨ સમયઃ બપોરે ૦૩:૦૦ કલાકે

સ્થળ : મિટીંગ રૂમ, સર્કિટ હાઉસ, ગાંધીનગર

**–કાર્યવાહી નોંધ–**

## એક્ઝિક્યુટીવ કાઉન્સિલની મીટિંગ

તા. ૦૮/૦૨/૨૦૨૨

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીની વર્ષ: ૨૦૨૧-૨૨ની એક્ઝિક્યુટીવ કાઉન્સિલની મીટિંગ મા. કુલપતિશ્રીના અધ્યક્ષ સ્થાને તા. ૦૮/૦૨/૨૦૨૨ના બપોરે : ૦૩:૦૦ કલાકે કમિટી રૂમ, સર્કિટ હાઉસ, ગાંધીનગર ખાતે મળી હતી. જેમાં સભ્યશ્રીઓની ઉપસ્થિતિ અને અનુપસ્થિતિ નીચે મુજબ હતી.:

| | | | | |
|---|---|---|---|---|
| ૧. | મા. કુલપતિ શ્રી હર્ષદભાઇ શાહ | | અધ્યક્ષશ્રી | હાજર |
| ૨. | મા. શ્રી મનોજ વાઘ, નાયબ સચિવશ્રી, શિક્ષણ વિભાગ (સચિવશ્રી, ઉચ્ચ શિક્ષણના પ્રતિનિધિ) | | સભ્યશ્રી | હાજર |
| ૩. | સચિવશ્રી, નાણાં વિભાગના પ્રતિનિધિ | | સભ્યશ્રી | ગેરહાજર |
| ૪. | મા. શ્રી એમ. નાગરાજન (IAS) (ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રી) | | સભ્યશ્રી | હાજર |
| ૫. | શ્રી હર્ષદભાઇ શાહ (મહાનિયામકશ્રી, ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી) | | સભ્યશ્રી | હાજર |
| ૬. | ડૉ. નિમિષ વસોયા (એકેડેમિક કાઉન્સિલના સભ્ય) | | સભ્યશ્રી | હાજર |
| ૭. | ડૉ. અશોક એન. પ્રજાપતિ (એકેડેમિક કાઉન્સિલના સભ્ય) | | સભ્યશ્રી | હાજર |
| ૮. | મા. ડૉ. રમેશચંદ્ર જી. કોઠારી | (સરકાર નિયુક્ત) | સભ્યશ્રી | ગેરહાજર |
| ૯. | મા. વિવેકભાઈ પટેલ | (સરકાર નિયુક્ત) | સભ્યશ્રી | ગેરહાજર |
| ૧૦. | મા. ડૉ. સંજય પટેલ(ડુંગરાણી) | (સરકાર નિયુક્ત) | સભ્યશ્રી | ગેરહાજર |
| ૧૧. | મા. પ્રો. ચંદ્રભૂષણ શર્મા | (સરકાર નિયુક્ત) | સભ્યશ્રી | ગેરહાજર |
| ૧૨. | મા. શ્રી ડેનિશા અગ્રાવત (નાણાં અને હિસાબી અધિકારી(I/c)) | | સભ્યશ્રી | હાજર |
| ૧૩. | ડૉ. અશોક એન. પ્રજાપતિ (રજિસ્ટ્રારશ્રી(I/c)) | | સભ્ય સચિવશ્રી | હાજર |

– **આ સાથે એક્ઝિક્યુટીવ કાઉન્સિલ મીટિંગની કાર્યવાહી નોંધ (મિનિટ્સ) સામેલ છે.**

## એક્ઝિક્યુટીવ કાઉન્સિલની કાર્યવાહી નોંધ

### બાબત ક્રમાંક – ૧ : અધ્યક્ષ અથાનેથી રજૂ થાય તે બાબત.

બાબત ક્રમાંક–૧(૧) : તા. ૧૨/૦૧/૨૦૨૨ના રોજ મળેલ એક્ઝિક્યુટીવ કાઉન્સિલની કાર્યવાહી નોંધના મુસદ્દાને મંજૂર કરવા બાબત.

ઠરાવ ક્રમાંક–૧(૧) : તા. ૧૨/૦૧/૨૦૨૨ના રોજ મળેલ એક્ઝિક્યુટીવ કાઉન્સિલની કાર્યવાહી નોંધના મુસદ્દાના બાબત ક્રમાંક ૧ થી ૩ અને ૫ થી ૮ના ઠરાવને સર્વાનુમતે મંજૂર કરવામાં આવે છે.

બાબત ક્રમાંક–૧(૨): તા. ૧૨/૦૧/૨૦૨૨ના રોજ મળેલ એક્ઝિક્યુટીવ કાઉન્સિલના બાબત ક્રમાંક–૪માં નીચે દર્શાવેલ શૈક્ષણિક/વહીવટી કર્મચારીઓના પ્રોબેશન બાબત.

| ક્રમ | નામ | હોદ્દો | હાજર તારીખ |
|---|---|---|---|
| ૧. | શ્રીમતી ક્રિષ્ના ઠક્કર | આસિસ્ટન્ટ પ્રોફેસર | ૧૦/૦૨/૨૦૨૦ |
| ૨. | ડૉ. ખ્યાતી દવે | આસિસ્ટન્ટ પ્રોફેસર | ૧૧/૦૨/૨૦૨૦ |
| ૩. | ડૉ. શૈલેષ બ્રહ્મભટ્ટ | આસિસ્ટન્ટ પ્રોફેસર | ૧૭/૦૨/૨૦૨૦ |
| ૪. | ડૉ. નરેન્દ્રકુમાર વસાવા | આસિસ્ટન્ટ પ્રોફેસર | ૧૧/૦૨/૨૦૨૦ |
| ૫. | ડૉ. શિલ્પાબેન વાળા | આસિસ્ટન્ટ પ્રોફેસર | ૧૫/૦૨/૨૦૨૦ |
| ૬. | શ્રીમતી ડેનિશા અગ્રાવત | આસિસ્ટન્ટ રજિસ્ટ્રાર | ૧૭/૦૨/૨૦૨૦ |

ઠરાવ ક્રમાંક–૧(૨) : નીચે દર્શાવેલ શૈક્ષણિક/વહીવટી કર્મચારીઓ દ્વારા ભરાયેલા સેલ્ફ અપ્રાઈઝલ અને સમ્બંધિત અધ્યક્ષશ્રીઓ દ્વારા ભરાયેલા APPRAISAL TO BE FILLED BY HEAD OF THE DEPARTMENTના રિપોર્ટનો ઊંડાણપૂર્વકનો અભ્યાસ અને ચર્ચાને અંતે તેઓનો પ્રોબેશન પૂર્ણ કરી તેઓને કાયમી કરવા સર્વાનુમતે મંજૂરી આપવામાં આવે છે.

| ક્રમ | કર્મચારીનું નામ | નિમણૂક તારીખ | હાજર તારીખ | લંબાવાયેલ સમયગાળો |
|---|---|---|---|---|
| ૧ | શ્રી ક્રિષ્ના ઠકકર | ૦૮/૦૨/૨૦૨૦ | ૧૦/૦૨/૨૦૨૦ | ૧૦/૦૨/૨૦૨૧થી ૦૯/૦૨/૨૦૨૨ |
| ૨ | ડૉ. શૈલેષ બ્રહ્મભટ્ટ | ૦૮/૦૨/૨૦૨૦ | ૧૭/૦૨/૨૦૨૦ | ૧૭/૦૨/૨૦૨૧થી ૧૬/૦૨/૨૦૨૨ |
| ૩ | ડૉ. નરેન્દ્ર વસાવા | ૦૮/૦૨/૨૦૨૦ | ૧૧/૦૨/૨૦૨૦ | ૧૧/૦૨/૨૦૨૧થી ૧૦/૦૨/૨૦૨૨ |
| ૪ | ડૉ. શિલ્પા વાળા | ૦૮/૦૨/૨૦૨૦ | ૧૫/૦૨/૨૦૨૦ | ૧૫/૦૨/૨૦૨૧થી ૧૪/૦૨/૨૦૨૨ |
| ૫ | શ્રી ડેનિશા અગ્રાવત | ૦૮/૦૨/૨૦૨૦ | ૧૭/૦૨/૨૦૨૦ | ૧૭/૦૨/૨૦૨૧થી ૧૬/૦૨/૨૦૨૨ |

- તા. ૧૨/૦૧/૨૦૨૨ના રોજ મળેલી એક્ઝિક્યુટીવ કાઉન્સિલના બાબત ક્રમાંક : ૪ના પેટા ક્રમાંક ૪(૨)માં દર્શાવેલા આસિસ્ટન્ટ પ્રોફેસર ડૉ. ખ્યાતિ દવે દ્વારા ભરાયેલા સેલ્ફ અપ્રાઈઝલ અને સમ્બંધિત અધ્યક્ષશ્રી દ્વારા ભરાયેલા APPRAISAL TO BE FILLED BY HEAD OF THE DEPARTMENTના રિપોર્ટનો ઊંડાણપૂર્વકમાં તમામ સભ્યો દ્વારા અભ્યાસ કરવામાં આવ્યો અને તેની ચર્ચા કરવામાં આવી.

તા. ૧૨/૦૧/૨૦૨૨ના રોજ મળેલી એક્ઝિક્યુટીવ કાઉન્સિલમાં ડૉ. ખ્યાતિ દવેના અધ્યક્ષના રિપોર્ટને આધારે મા. કુલપતિશ્રીએ તેઓનો પ્રોબેશન પૂર્ણ કરવાની ચર્ચા કરી હતી. પરંતુ અધ્યક્ષશ્રીના રિપોર્ટને ધ્યાને લીધો હતો. જો કે રિપોર્ટ સાથે જોડાયેલું એનેક્ષર જોવાયું ન હતું. વધુમાં અધ્યક્ષશ્રી દ્વારા જે એનેક્ષર રજૂ કરવામાં આવ્યું તે જોતાં અને ડૉ. ખ્યાતિ દવેનો રિપોર્ટ જોતા પણ સ્પષ્ટ પણે જણાય છે કે તેઓની સમગ્ર વર્ષ દરમ્યાનની કામગીરી ખૂબ જ નહિવત રહી છે. યુનિવર્સિટી કક્ષાના કર્મચારીની સંશોધન, શિક્ષણ, પ્રશિક્ષણ અને

વિસ્તરણ ઉપરાંત યુનિવર્સિટીના એક્ટમાં દર્શાવેલી જોગવાઇઓને ક્રિયાન્વિત કરવાની થાય. જે તેઓના રિપોર્ટનો અભ્યાસ કરતાં આવુ કશું જોવા મળતું નથી. વધુમાં ડૉ. ખ્યાતિ દવેની બાલભવન વિભાગમાં સમગ્ર બે વર્ષમાં કરેલી કામગીરી સંતોષકારક નથી. જે તેઓના બંને વર્ષના તેઓએ ભરેલા સેલ્ફ અપ્રાઇઝલ પરથી સ્પષ્ટ થાય છે. તેઓના પ્રથમ વર્ષના પ્રોબેશનની કામગીરીને ધ્યાને લઇને અગાઉ તા. ૧૧/૦૨/૨૦૨૧થી તેઓને વધુ એક વર્ષ પ્રોબેશન લંબાવી પોતાની કામગીરીને સુધારવા અને યુનિવર્સિટીના કાર્યને વેગવાન કરવા માટે વાજબી અને પૂરતી તક આપવામાં આવી હતી. આમ છતાં પણ તેઓના પ્રોબેશનના બીજા વર્ષની કામગીરીમાં પણ કોઇપણ સુધારો થયેલો નથી. આથી યુનિવર્સિટીના હિતમાં સર્વાનુમતે એ ઠરાવવામાં આવે છે કે, તા. ૧૨/૦૧/૨૦૨૨ના રોજ કરવામાં આવેલી ડૉ. ખ્યાતિ દવેનો પ્રોબેશન પૂર્ણ કરવાની ચર્ચા બાબતે પુન: ઉપરોક્ત વિવરણને અંતે પ્રોબેશન પિરિયડ દરમિયાન તેમની કામગીરી સંતોષકારક ન હોવાથી તેઓને યુનિવર્સિટીની સેવામાંથી તાત્કાલિક અસરથી દૂર કરવામાં આવે છે.

તારીખ : ૦૮/૦૨/૨૦૨૨
સ્થળ :– ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી,
સુભાષચંદ્ર બોઝ શિક્ષણ સંકુલ, સેક્ટર–૨૦, ગાંધીનગર

કુલસચિવ (I/c)